R.N.I. No. MAHBIL/2020/79181

પ્રકાશ સમીક્ષા

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

Since 1924...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૧૦૧મું

VOLUME : 05 • ISSUE : 12 • PAGES : 44 • MUMBAI • DATE : 20TH APRIL 2025

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-

**HD FIRE PROTECT**
Protecting what matters most to you

| PASSION | EXCELLENCE | GROWTH |




At HD Fire, we don't just make fire-fighting products;
we provide peace of mind.
With installations in 25,000+ locations across 90
countries, we bring safety when it matters the most.

**HD FIRE PROTECT PVT. LTD.**
Corporate Headquarters: D-6/2, Road No. 34, Wagle Estate, Thane 400604, India
Tel: +(91) 22 21582600 | Fax: +(91) 22 21582602 | Email: info@hdfire.com

UL LISTED FM APPROVED VdS CE

www.hdfire.com | @HdFireProtectPvtLtd | @hd-fire-protect | @TheHdfire

With Best Compliments from:

# MICROFINISH

Pumps • Valves • Automation




## MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

## તંત્રી સ્થાનેથી



જ્ઞાતિમાં થતા છૂટાછેડા અંગેની માહિતી પ્રકાશિત કરવા માટે જ્ઞાતિજનો દ્વારા વારંવાર માંગ કરવામાં આવે છે. વ્યક્તિગત રીતે દરેકને માહિતી આપવી મુશ્કેલ છે એટલે પ્રકાશ સમીક્ષાના તંત્રી મંડળના સભ્ય એડ. શ્રી શૈલેષ શાહે માહિતીપ્રદ લેખ લખેલો છે જે આ અંકમાં તંત્રીલેખ તરીકે પ્રકાશિત કર્યો છે. સર્વે જ્ઞાતિજનોને યોગ્ય નોંધ લેવા વિનંતી.

**– CA હીરાચંદ દંડ, Mob.: 77385 08150**

પ્રકાશ સમીક્ષામાં છૂટાછેડાના સમાચાર ન છાપવા બાબત ઘણા લોકોને પ્રશ્ન ઉભો થતો હોય છે કે આનું કારણ શું? આ બાબત અમને લગભગ મહિનામાં ઓછામાં ઓછું એક વાર ખુલાસો કરવો પડે છે, એટલે અમને લાગ્યું કે આ બાબત સવિસ્તર ખુલાસો કરવો જરૂરી છે.

કાયદાની દૃષ્ટિએ, છૂટાછેડા ત્યારે જ કાયદેસર ગણાય છે જ્યારે છૂટાછેડાનો ઓર્ડર કે ડીક્રી કોર્ટ તરફથી આપવામાં આવે છે. આ માટે પતિ કે પત્નિએ કોર્ટમાં હિંદુ મેરેજ એક્ટ નીચે પીટીશન કરવાની હોય છે. અને એ પીટીશન કોર્ટ જ્યારે મંજૂર કરી, ડીક્રી આપે છે ત્યારે લગ્ન છૂટાછેડામાં પરીણમે છે.

ઘણા કિસ્સાઓમાં અને હવે તો મોટા ભાગના કિસ્સાઓમાં, બંન્ને પક્ષ રાજીખુશીથી છૂટાછેડા લેવા માંગતા હોય, ત્યારે એક સહીયારી કે જોઈન્ટ પીટીશન ફેમીલી કોર્ટમાં કરવામાં આવે છે. એમાં પિટીશન કોર્ટમાં દાખલ કર્યા બાદ, છ મહિના પછીની તારીખ આપવામાં આવે છે અને એ દિવસે, કોર્ટ બન્ને પક્ષોને ફરી પૂછે છે કે તેઓ ખરેખર છૂટાછેડા લેવા માંગે છે કે કેમ? જો જવાબ હા માં હોય તો કોર્ટ સહસંમતિથી છૂટાછેડા (એટલે કે ડીવોર્સ બાય મ્યુચ્યુઅલ કનસેન્ટ) ની ડીક્રી આપે છે અને લગ્નનો વિચ્છેદ થાય છે.

આના સિવાય બીજા કોઈપણ રીતે લેવાયેલ છૂટાછેડા કાયદેસર નથી. ફક્ત કોર્ટની ડીક્રી જ લગ્નનો અંત લાવી શકે છે. ઘણીવાર અમને છૂટાછેડાનો સ્ટેમ્પ પેપર પર લખેલો કરાર મોકલવામાં આવે છે અને એના આધારે અમને કહેવામાં આવે છે કે અમારે છૂટાછેડાના સમાચાર છાપવા જોઈએ. આ શક્ય નથી કારણ કે જો એમ કરવામાં આવે તો જે લોકોને છૂટાછેડાના કરાર બાબત જાણ ન હોય, એમને ગેરસમજ થવાનો સંભવ છે કે આ છૂટાછેડા કોર્ટની ડીક્રીથી થયેલ છે. એટલે આમ કરવું લોકોને ગેરમાર્ગે દોરવવા બરોબર છે.

ઘણીવાર અમને કહેવામાં આવે છે કે સ્ટેમ્પ પેપર પર લખેલા છૂટાછેડાના કરાર પણ કોર્ટ દ્વારા થયેલ છૂટાછેડા જ છે કારણ કે તે સ્ટેમ્પ પેપર પર છે. આ સાચું નથી. ફક્ત સ્ટેમ્પ પેપર પર કરાર કરવાથી છૂટાછેડા કોર્ટ દ્વારા થયેલ છે, તેમ કહી ન શકાય. તે માટે તો, વર કે કન્યાએ અથવા બન્નેએ ફેમીલી કોર્ટમાં જઈ, રીતસર પીટીશન (કેસ) કરી, કોર્ટના તરફથી છૂટાછેડાનો હુકમ લેવો પડે છે.

એટલે જ જ્યારે અમને કહેવામાં આવે છે કે અમે રાજીખુશીથી છૂટાછેડા લીધા છે અને તેના કરાર સ્ટેમ્પ પેપર પર થયા છે, ત્યારે અમારે કહેવું પડે છે કે અમે આ સમાચાર ન છાપી શકીએ. ઘણીવાર અમને કહેવામાં આવે છે કે સમાચાર તરીકે નહીં પણ આને જાહેર ખબર સ્વરૂપે છાપો. તે પણ શક્ય નથી કારણ કે એક સમાચાર પત્ર તરીકે અમારી જવાબદારી છે કે અમારા તરફથી એવું કોઈ પગલું ન લેવાય, જેનાથી લોકોમાં ગેરસમજ ઉભી થાય. સમજી લો કે અમે જાહેર ખબર સ્વરૂપે એમ છાપ્યું કે ફલાણાએ રાજીખુશીથી છૂટાછેડા લીધા છે, એનો એક મતલબ એમ પણ થઈ શકે કે સહસંમતિથી કોર્ટમાં જઈ છૂટાછેડાની ડીક્રી લીધી છે. આ પ્રકારની ગેરસમજ ટાળવા અમે એક પોલિસી ડિસીઝન

**આદ્યતંત્રીઓ**

**"પ્રકાશ"**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**"સમીક્ષા"**

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

**"પ્રકાશ સમીક્ષા"**

સનત્ શાહ

રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**

CA હીરાચંદ દામજી દંડ

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : CA હીરાચંદ દામજી દંડ

મંત્રી : એડ. ઉદયન લાલજી લોડાયા

કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**

| | |
|---|---|
| કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા | કાશ્મીરાબેન વિરેન્દ્ર લુઠીયા |
| કેશરસિંહ આણંદજી ખોના | એડ. શૈલેશ સનત્ શાહ |
| તિલકચંદ કુંવરજી લોડાયા | કિરીટ ખેતસી શાહ |
| શિલ્પાબેન અજાણી | જયંત વિશનજી છેડા |

**સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.**

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**વૉલ્યુમ : ૦૫, અંક : ૧૨, તા. ૨૦-૦૪-૨૦૨૫**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**

A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**

હેમાંગ લાલજી શાહ

મો.: 99206 46846

E-mail : **kdoprakash@gmail.com**

**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **– તંત્રી મંડળ**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

લીધો છે, આજે નહીં, ઘણા વર્ષોથી કે છૂટાછેડાના સમાચાર કે જાહેર ખબર જો કોર્ટની ડીક્રી હોય તો જ છાપવા.

રાજીખુશીથી ઘરમેળે લીધેલા છૂટાછેડાનો ગેરફાયદો એ છે કે એ લગ્ન ચાલુ રહે છે અને એને લીધે, જો એ બેમાંથી કોઈપણ વ્યક્તિ બીજા લગ્ન કરે ત્યારે એ બીજા લગ્ન ગેરકાયદેસર કહેવાય છે. આને લીધે વારસાહક, સંતાનોની લેજીટીમેશી જેવા ઘણા પેચીદા સવાલો ઉભા થાય છે જેની ઉલટી અસર એ વ્યક્તિની આવનારી પેઢીને સહન કરવી પડે છે.

એટલે જ સહુને નમ્ર વિનંતી કે છૂટાછેડાના સમાચાર છપાવવા હોય કે જાહેર ખબર આપવી હોય તો સમાચાર કે જાહેર ખબર સાથે કોર્ટની ડીક્રીની સર્ટિફાઈડ કોપી મોકલી આપવી.

થોડા વખત પહેલાં એક સમાચાર પત્રમાં એમ જણાવવામાં આવ્યું હતું કે ઈન્દોરની ફેમિલી કોર્ટે એ મુજબનો ચુકાદો આપ્યો છે કે જૈનોને લઘુમતી કોમ (Minority Community) નો દરજ્જો આપવામાં આવ્યો હોવાથી તેઓ હિંદુ મેરેજ એક્ટ નીચે રાજીખુશીથી છુટાછેડાની અરજી ફેમિલી કોર્ટમાં ન કરી શકે. ત્યારબાદ મધ્યપ્રદેશ હાઈકોર્ટની ઈન્દોર બેન્ચે ફેમિલી કોર્ટના ઉપરોક્ત ચુકાદાને રદ્દબાતલ કરી ખુલાસો કર્યો છે, જે બહુ જરૂરી અને યથાયોગ્ય છે કે હિંદુ મેરેજ એક્ટ જૈન સમાજને પણ આવરી લે છે. ફક્ત લઘુમતી કોમનો દરજ્જો મળવાને લીધે એમ ન કહી શકાય કે જૈન સમુદાયને હિંદુ મેરેજ એક્ટ લાગુ નથી પડતો. જૈન સમાજને પણ હિંદુ મેરેજ એક્ટ લાગુ પડે છે.

નોંધ : આ લેખમાં અપાયેલ મંતવ્યો લેખકના પોતાના છે. એટલે લાગતા વળગતાઓએ ફક્ત આ લેખના આધારે કોઈ પગલા લેવા નહીં પણ આ બાબત યોગ્ય કાયદાકીય સલાહ લેવી.



**- એડ. શૈલેષ સનત શાહ**

**મોટી સિંધોડી(સાયન)**

# ‘પ્રકાશ’ની ૧૦૦ વરસની સોનેરી સફરની સરવાણી



– રમેશ મુલજી લોડાયા–સેવક ભરૂડીયા (મુલુંડ), મો. ૯૮૨૦૩૩૬૭૬૭

**પ્રકાશ સમીક્ષાના શતાબ્દી મહોત્સવ પ્રસંગે તા. ૫.૧૨.૨૦૨૪નો અંક સ્મૃતિ વિશેષ સ્વરૂપે પ્રકાશિત થયો હતો ત્યારે શરતચૂકના કારણે શ્રી રમેશભાઈ લોડાયા દ્વારા લખાયેલ પ્રકાશના ઈતિહાસનો વર્ષ ૧૯૩૮ થી ૧૯૫૧ સુધીની વિગતોનો આ લેખ પ્રકાશિત કરવાનો રહી ગયેલ તે બદલ દિલગીર છીએ.**

**– CA હીરાચંદ દંડ, Mob.: 77385 08150**

**ઈ.સ. ૧૯૩૮-૩૯, સં. ૧૯૯૫, વરસ પંદરમું :**

બાળકોને શાળામાં મોકલી લખતા વાંચતા થઈ જાય, આંકના પાડા ગોખીલે તેને કેળવણી મળી ગઈ અને નોકરી–ધંધા લાયક થઈ ગયો તે માનવું બરાબર નથી. પરંતુ બાળકોનાં શરીર સુદ્રઢ ઘડાય, તેનામાં નૈતિક હિંમત આવે, સ્વાશ્રય અને સ્વરક્ષણને સમજતા શીખે તેવી કેળવણી આપવી ઘટે તેની ‘પ્રકાશે’ હિમાયત કરી. બાલકુંજનાં સભાસદોની હરીફાઈઓનું આયોજન તા. ૪.૧૦.૧૯૩૮ના થયેલ તેમાં વિજેતાઓને ઇનામો આપવાના મેળાવડાનું આયોજન કરવામાં આવેલ. ‘પ્રકાશે’ બાળકોમાં લેખન, ચિત્રકળા, સંગીત, ગાયન, નૃત્ય કળા, નાટ્ય કળા, વેશભૂષા, કાવ્ય રચના આદિ વિકસિત થાય તેવા પ્રયાસો શરૂ કર્યા. જ્ઞાતિને સમાન ધોરણે ઉન્નત કરવા સંમેલન બોલાવવાની માંગણી સતત ઉઠતી રહી. જ્ઞાતિ સંમેલન બોલાવવા પહેલા સમસ્ત  જ્ઞાતિના કાર્યકર્તાઓનું સંમેલન બોલાવવું જરૂરી છે એવી પણ માંગણી થતી રહી. આ માંગણી મજબુત બનાવવા ‘પ્રકાશે’ પણ અવારનવાર લખાણો પ્રગટ કર્યા અને જ્ઞાતિમાં લોકમત કેળવવા મહત્વનો ભાગ ભજવ્યો.

સમાજમાં જ્ઞાતિ સુધારણાનું કાર્ય સફળ ન થવાનું કારણ સુધારણા કાર્યમાં સ્ત્રીઓના સાથનો અભાવ, સ્ત્રીઓની નિરક્ષરતા અને ઘરની ચાર દીવાલમાં પૂરાયેલી રહેશે તો એમને નવા યુગનો પ્રકાશ ક્યાંથી મળે? સ્ત્રીના હૃદયમાં સુધારણાની ભાવના જાગૃત કરવા પ્રયત્નો હાથ ધરવા જરૂરી છે અને  સમાજમાં પ્રાણ સિંચવા સ્ત્રીઓને અબળામાંથી સબળા બનાવવી પડશે એવી વાત ‘પ્રકાશ’ સતત રજુ કરતુ રહ્યું. મહાજનનું બંધારણ નવા ફેરફાર સાથે તૈયાર કરાયું જે ‘પ્રકાશ’માં પ્રકાશિત કરવામાં આવ્યું. સંમેલન માટે લોકમત કેળવવાનું ‘પ્રકાશે’ ચાલુ રાખ્યું. બંધારણ પર ટીકાત્મક વિહંગાવલોકન ધારાશાસ્ત્રી દ્વારા કરવામાં આવેલ જે ‘પ્રકાશ’માં છાપવામાં આવેલ.

‘પ્રકાશે’ આપણી જ્ઞાતિની સમસ્યાઓ કન્યા વિક્રય, વિધવાના પ્રશ્નોને લગતા લેખોને પ્રાધાન્ય આપી સમાજને સતત જાગૃત કરવાનો પ્રયાસ કર્યો છે. ‘માનવ મંદિર’ વાર્તાના લેખક રા’ જાદુગરે આપણી જ્ઞાતિની વિધવા અને વીશી વ્યવસાયને વણી લીધી છે. યુવા વિધવાઓ કેવા સંજોગોમાંથી પસાર થાય છે અને જમવા આવતા રંગબેરંગી વિશીયાતોની કેવી શિકાર બને છે તેની વાત છે. ગામ આખામાં ઉગતો રવિ અજવાળું કરે કિન્તુ વિધવાને આંગણે અંધારૂં. કન્યાવિક્રય કરી તેમાંથી મળેલ રકમમાંથી થોડી રકમ મા–બાપો એક ગાયને છોડાવી પાંજરાપોળ પહોંચાડે છે અને બીજી બાજુ ગાય જેવી પોતાની દીકરીને વૃધ્ધ બીમારને પરણાવી જીવતે કતલખાને મોકલે છે, જે થોડા વરસમાં યુવા અવસ્થામાં જ વિધવા બને છે. યુવાન વિધવાઓ તરફ સહાનુભૂતિ દેખાડવાનો દંભ કરનારા યુવાનોની ખરેખર સહાનુભૂતિ છે કે કેમ? એવો વેધક સવાલ લેખક કરે છે. લેખક માત્ર સમસ્યા દર્શાવી અટકતા નથી પણ સમસ્યાનો ઉપાય પણ સૂચવે છે. કાં તો યુવા વિધવાઓને પરણવાની છૂટ મળવી જોઈએ અને કાં તેઓ વૈધવ્ય પાળવા ઈચ્છતી હોય તો  તેઓના પોષણ માટે સ્વાશ્રયની ગોઠવણ કરી આપવી જોઈએ. પણ જ્યાં એ બન્નેમાંથી એકે ગોઠવણ ન હોય ત્યાં જુવાન વિધવા વીશી ન ચલાવે તો શું કરે?. સમાજની સ્થિતિમાં બદલાવ ન આવે ત્યાં સુધી  એક વ્યવસ્થા વિધવાઓ તેમજ સામાજિક અન્યાયોનો ભોગ બનેલી સ્ત્રીઓને સ્વમાનભેર બનાવવાનો પ્રયાસ કરવો જોઈએ.  રહેવાની સગવડ અને ઔદ્યોગિક શિક્ષણ આપવાનો રસ્તો અપનાવવો જોઈએ.

અન્ય એક લેખમાં સમાજની એ વખતની સ્થિતિનું વર્ણન છે. સમાજમાં અનેક બેકાર યુવકો, શ્રીમંતોની કીર્તિ લાલસા,, અગ્રસરોનું આપખુદીપણું,  પટેલશાહી, મહીને રૂા. ૩૦-૫૦ કમાનારા યુવકો પાંચ-સાત વરસે માંડ હજાર-બે હજાર ભેગા કરે અને લગ્નગ્રંથીથી જોડાવા કન્યાવિક્રયની

રકમ ચુકવવામાં અને લગ્ન વહેવારમાં એક જ દિવસમાં આંધણ કરી મુકે છે અને દેવું કરવું પડે છે. કેટલાકને જમીન વેંચી કે ગીરવે મૂકી લગ્ન કરવા પડે છે. ખાનદાન યુવાનોને ગરીબીને કારણે કન્યા મેળવવા માટે ફાંફા મારવા પડે છે ત્યારે શ્રીમંતો ત્રણ, ચાર કે પાંચ વાર ઘોડે ચડી કુમળી કળીઓના ભોગ લેનારાઓની કમી નથી. મા-બાપ પોતાની કન્યાને લખપતિઓને ઘણી લાલસામાં વેંચી મારે પછી ગરીબ યુવકો કુમાર્ગે ચડે તો વાંક કોનો? એ વખતે શ્રીમંતોના નબીરાઓને દીકરી આપવા હોડ મંડાતી. સારા છોકરાની વ્યાખ્યા હતી- શ્રીમંત હોય, ગાડી બંગલા હોય, પોતાના માળા, ઘોડા ગાડીઓ અને નોકર ચાકર હોય. આવી નીતિએ જ્ઞાતિનો વિનાશ નોતર્યો. પૈસાના મોહમાં તણાવાના બૂરા પરિણામો ઘણી કન્યાઓને ભરખી ગયા. વધારે કમાતો, રુઉ બજારમાં નોકરી કરતો હોય તો તેને કન્યા મળી રહેતી પણ બીજી ચીલા ચાલુ નોકરી કરનારને કે ગરીબને કોઈ ન પૂછે. બધાને એકી સાથે પૈસાદાર થવાની ઈચ્છા જેથી રેસ, સટ્ટા, જુગાર અને આંક ફરકનાં રવાડે, મહેનત-મજુરી કરવી પસંદ નહિ. વિધવાઓ જ્ઞાતિની પેઢીઓમાં વ્યાજે પૈસા મુકે તે શેઠીયાઓ શેર-સટ્ટામાં પુરા કરી વિધવાઓની મૂડી ડુબાડે છે. શ્રીમંતો પારણા-પોથી પધરાવી શ્રીમંતાઈનું પ્રદર્શન કરે છે અને આગેવાનોને દેવદ્રવ્યની વૃદ્ધિ કરવામાં જ રસ છે, નબળા વર્ગની સ્થિતિ સુધારવામાં નહિ. પોતાના અહંમ પોસવામાં કોર્ટ કચેરીઓમાં સમાજનો અઢળક પૈસો વેડફાય છે. હવે તો યુવાનોને જાગૃત થવાની જરૂર પર ભાર મુક્યો છે.

ઈ.સ. ૧૯૩૮માં મુંબઈ મહાજન ઉપર કોર્ટ કેસમાં ખર્ચ વસુલવા મહાજનવાડીના વાસણોનું લીલામ થયું જે કોઠારાના શેઠ કાનજી વિસનજી પલાણીએ લીલામમાં ઉંચી બોલી લગાવી રૂા. ૮૬૦૦માં વાસણો ખરીદી લીધા. એજ વરસે મહાજન વિરુદ્ધ શ્રી મેઘજી હીરજી જંગેઆલીવાળા કેસમાં મહાજનની હાર થઇ. કોર્ટ ખર્ચ મહાજને ભોગવવાનું આવ્યું. સોલીસીટરોના બીલો મુંબઈ મહાજને ભરપાઈ ન કરતા મહાજનની અકસ્યામતો (મહાજનવાડી) ઉપર ટાંચ આવી. શેઠ કાનજી વિશનજી પાલાણીએ રુ. ૫૦,૦૦૦ ભરી લીલામ અટકાવ્યું. કુલ્લ ખર્ચ ૬૦૦૦૦ જેટલો થયો જેમાં બાકીના રૂા. ૧૦,૦૦૦ ડો. પુનસીભાઈ મૈશેરીના પ્રયાસથી મહાજને એકત્ર કર્યા અને લીલામ અટકાવ્યું.

સને ૧૯૩૮માં રુઉનાં વાયદાના ઊંચા ભાવ ફેબ્રુઅરીમાં હતા. પરદેશી માંગનો અભાવ, જાપાનની ખરીદવાની અશક્તિ અને રુઉનાં ભરાવાને કારણે ભાવો તૂટ્યા. જેને લીધે જૂની, સારી અને પ્રતિષ્ઠિત પેઢીઓ ફડચામાં આવી પડી. સને ૧૯૩૯માં ભાવો વધ્યા પણ ખપત અને નિકાસ ઘટવાથી ભાવો ફરી તૂટ્યા. ભાવો એટલા ઘટ્યા કે ખેડૂતોને કોઈ વળતર નહિ રહ્યું.

બાળ લગ્નો અટકાવવાની ઝુંબેશને 'પ્રકાશે' સારી પ્રસિદ્ધિ આપી. પાંચોરા બાળ લગ્ન કેસ શ્રી ટોકરસી રતનસી વિરુદ્ધ ચલાવવામાં શ્રી દામજી લખમસી મૈશેરીએ કેસ દાખલ કરી સારી હિંમત દાખવી.

'પ્રકાશે' ૪થી ડીસેમ્બર, ૧૯૩૮ના નૌકા વિહારની સહેલગાહ માટે જળ વિહાર કાર્યક્રમ 'જલ લક્ષ્મી' સ્ટીમ લોંચ દ્વારા યોજ્યો. માંડવીથી પાલવા બંદર ટ્રામથી સૌને લઇ જવાયા. ટિકિટ મોટાનાં રૂા. ૧.૫, ૧૨ વરસથી નાના માટે રૂા. ૧ અને બાલકુંજના બાળકો માટે ૧૦ આના.

'પ્રકાશ'ના 'બાલકુંજ' વિભાગને જ્ઞાતિમાંથી સારો પ્રતિસાદ મળ્યો. તા. ૩૧.૧૦.૧૯૩૮ના ૨૧૩ બાળકો અને ૮૩ બાલિકાઓ મળી ૨૯૬ સભ્યો નોંધાયા. બાલકુંજમાં સુંદર લેખન, ચિત્ર હરીફાઈઓ યોજાતી. દશેરાના દિવસે મેળાવડો, વિવિધ રમત ગમત યોજાઈ અને ચંદ્રકો અપાયા.

**ઈ.સ. ૧૯૩૯-૪૦, સં. ૧૯૯૬, વરસ સોળમું:**

સમસ્ત જ્ઞાતિ વસ્તીનું સંમેલન બોલાવવાની માંગણી કરતા લેખો છપાયા. અમલદારોના ત્રાસ, દેશી રજવાડાની બેદરકારી, આકરા કરવેરા તથા કુદરતી કોપમાં પીસાતી જ્ઞાતિનું ચિત્ર 'પ્રકાશે' રજૂ કર્યું. જ્ઞાતિ માટે (૧) સસ્તા ભાડાની ચાલ (૨) સુવાવડ ખાતું (૩) સાર્વજનિક દવાખાનું (૪) જૈન હોસ્પિટલ અને તે શક્ય ન હોય તો કોઈ હોસ્પીટલમાં એક વોર્ડ જ્ઞાતિજનો માટે રીઝર્વ રાખવો (૫) જ્ઞાતિની શૈક્ષણિક સંસ્થાઓ માટે સ્વતંત્ર મકાન (૬) ઘરે રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આગળ વધવા તથા હુન્નર ઉદ્યોગ માટે લોન ઉપલબ્ધ થાય તે માટે મધ્યસ્થ સહાયક ફંડ ખાતાની જરૂરિયાત પર ડો. પુનશીભાઈ મૈશેરીની અસરકારક રજૂઆત કરતો લેખ પ્રકાશિત થયો.

વિશ્વ યુધ્ધનાં વાતાવરણથી વ્યાપાર ધંધા ઓછા ચાલે છે તે બહાના હેઠળ વેપારીઓ પગાર કાપ/ માણસો ઓછા કરવા માંડ્યા. બીજે નોકરી ન મળે અને વધતી મોંઘવારીથી જ્ઞાતિનો મોટો ભાગ જે નોકરિયાત હતો અને જ્ઞાતિના શેઠિયાઓ પાસે નોકરી કરતો હતો તેમની સ્થિતિ ખૂબ ખરાબ થઇ.

સં. ૧૯૯૬માં પડેલ ભયંકર દુષ્કાળ (છન્નુંવો) વખતે 'પ્રકાશે' તંત્રી લેખ 'જાગતો ધર્મ'માં લખ્યું કે ખુડૂતોને ખાવા અને પશુઓને ઘાસચારોનાં સાંસા છે, જળાશયો, કુવા સુકાતા પીવાના પાણીનાં વાંધા છે ત્યારે આપણા દેવ મંદિરોમાં તથા તીર્થ સ્થાનોમાં પુણ્ય મેળવવા અને પાપ નિવારવા લોકો દોડા દોડ કરી રહ્યા છે. ઈશ્વરના નામે ને ધર્મના નામે સમાજ દેખતો જાગતો ધર્મ છોડી આંધળો ધર્મ સ્વીકારે છે. જો આવા સમયે જાહેર મિલકતોનો ઉપયોગ એ મંદિરો અને મઠોના મહંતો તથા મહારાજો નહિ કરવા આપે અને ના પાડે તો આપણે જાણવું જોઈએ કે તેઓના હ્રદયમાં માનવદયા નથી, જીવદયા નથી. જનસેવા એ સાચી પ્રભુ સેવા છે એટલું લક્ષમાં લઇ જાગૃત ધર્મને સ્વીકારીએ.

'પ્રકાશ'ના સુત્રધાર શ્રી લક્ષ્મીચંદ લાપસિયા બે વરસ પહેલા આપણી પાઠશાળાના મંત્રી તરીકે જોડાયા અને માત્ર ૨ વરસમાં પાઠશાળાને ઉચ્ચ સ્થાને પહોચાડવામાં સફળ થયા. પાઠશાળાને હાયસ્કૂલમાં ફેરવવામાં સફળ બન્યા. અભ્યાસ સાથે દેશી નામું, તાર-ટપાલનું શિક્ષણ, હૂંડી, ચિઠ્ઠી, તથા બેંકને લગતું જ્ઞાન, કસરત, શારીરિક તપાસ, સંગીત, ચિત્રકામ, શૈક્ષણિક પ્રવૃત્તિ, કાગળ-પેન-સ્ટેશનરી-પુસ્તકો મૂળ કિંમતે મળી રહે તે માટે સહકારી ભંડાર, ક્રિકેટ, ફૂટબોલ, લેજીમ જેવી અનેક પ્રવૃતિઓ વિકસાવી.

જ્ઞાતિને તંદુરસ્ત અને શક્તિશાળી બનાવવા, કઢંગી રૂઢિઓ તેમજ નિરક્ષરતાને પલટાવવા યુવાનો સશક્ત છે. જ્ઞાતિમાં ૧૦૦ જેટલા મંડળો છે તેને રચનાત્મક કાર્યો તરફ વાળવાનો સંદેશ આપતા લેખ દ્વારા 'પ્રકાશે' જ્ઞાતિ ઉત્થાનનો સુંદર પ્રયાસ કરેલ છે. જ્ઞાતિની સહકારી બેંક સ્થાપવાની પણ રજૂઆત કરી છે.

'પ્રકાશ' વિધવાની નાજુક સ્થિતિ અંગે નોંધે છે કે સૌભાગ્ય શૃંગાર ત્યાગ, સ્વાદિષ્ટ ભોજન ત્યાગ, ભૂમિ શયન, કાળા વસ્ત્રો, ઘૂંઘટમાં મોં છુપાવી રહેવું, બહાર જવા આવવાનું બંધ, ઘરના ખૂણે બેસી રહેવું, ઘરના ઢસરડા કરવા, જીવતે જીવે નરક જેવું-નળ, એઠવાડ અને રસોડામાં વરસો સુધી ગોંધાઈ રહેવાનું વિધવાનું જીવન છે. શરીરમાં થયેલા જખમોમાં નમક ભરીએ અને જેવી વેદના થાય એવી વેદના જેવી વિધવાની સ્થિતિ છે છતાં સમાજ તેની વેદના સમજતો નથી. જો સતી થવાનો ચાલ હોત તો કઈક વિધવાઓ સતી થઇ હોત.

ચર્ચા પત્રો અને અન્ય લેખો દ્વારા કુરિવાજો, સંસ્થાઓના યોગ્ય વહીવટ, દુષ્કાળ જેવી આફતો, આપખુદશાહી આગેવાનો જેવી જ્ઞાતિની સળગતી સમસ્યો ઉપર સતત ધારદાર રજૂઆત કરતુ રહ્યું. કન્યા વિક્રયને લગતા એક લેખમાં લેખક નોંધે છે કે આજના આપણા સાધુઓ અને સાધ્વીઓ એકજ પ્રતિજ્ઞા કરે કે હવેથી અમને એ ઘરનો આહાર, એ ઘરનું પાણી નહિ કલ્પે જે ઘરમાં લોહીના વેપારની લક્ષ્મીનો વાસ હશે. આ મહારોગનું એકજ મારણ છે.

જ્ઞાતિમાં વરસે 'પ્રકાશ'નાં લવાજમ પાછળ રૂા. ૩ ખર્ચી શકે તેવો મોટો વર્ગ હોવા છતાં 'પ્રકાશ'ની ઉપેક્ષા થતી રહી. સંચાલકોના નિયમિત ફાળા, જરૂર પડ્યે વધારાનો ફાળો તથા થોડા જ્ઞાતિ બંધુઓના આર્થિક સહયોગથી 'પ્રકાશ' ચાલતું રહ્યું.

**ઈ.સ. ૧૯૪૦-૪૧, સં. ૧૯૯૭ વરસ સત્તરમું:**

'પ્રકાશે' કુરિવાજો, કેળવણીની જરૂરીયાત, જ્ઞાતિ સંગઠન અને સુધારણા, જ્ઞાતિની નિષ્ક્રિયતા, કન્યા વિક્રય, અસમાન લગ્ન પ્રથા, વિધવાની સમસ્યાઓ, અંધશ્રદ્ધા, ખોટા વહેમો, સંકુચિત મનોદશા, મહાજનોની મનસ્વી કાર્ય પદ્ધતિ, ધાર્મિક ફંડોની નિરુપયોગીતા, સંસ્થાઓના અયોગ્ય સંચાલનો અને યુવાનોને જાગૃત કરતા લેખોનો સતત મારો ચલાવી સમાજમાં ક્રાંતિ આણવાનું ભગીરથ કાર્ય કર્યું. આ પ્રશ્ને અનેક ચર્ચાપત્રો છાપી લોકોના પ્રશ્નોને વાચા આપી.

જૈન ધર્મ પાળતી અન્ય જ્ઞાતિની કન્યા સાથે લગ્ન કરવા અંગે જાગૃતતા આવવાનું શરૂ થયું. આજે જયારે પ્રાંતીય અને આંતરજાતીય લગ્નો છૂટથી થઇ રહ્યા છે ત્યારે આપણો જ ધર્મ પાળતી અન્ય જ્ઞાતિની કન્યા મેળવવામાં શું વાંધો હોઈ શકે? આથી કન્યા વિક્રય ઘટશે, આડે માર્ગે જતા યુવાનો ઘટશે. નાતમાં કુંવારા યુવકોની સંખ્યા કુંવારી કન્યા કરતા વધારે છે. અમુક વયની વિધવાઓને પરણવાની છૂટ આપો તો પણ કુંવારાઓની ઘણી સંખ્યા બાકી રહે છે. આ એક ગંભીર સમસ્યા હોઈ અને આ બાબત જ્ઞાતિએ વિચારવું રહ્યું. જ્ઞાતિના યુવક-યુવતીઓના પ્રશ્નો હવે ઉકેલ માંગે છે. જો સવેળા હાથ ધરવામાં નહિ આવે તો આવતી કાલે મુકેલા બંધનો તૂટી જશે એવી ધારદાર રજૂઆત 'પ્રકાશે' સતત ચાલુ રાખી. આ બાબતે અનેક ચર્ચા પત્રો પ્રગટ થયા.

ગુમાસ્તા ધારો લાગુ થતા નોકરો પાસે ૮ કલાક કામ લેવાને બદલે હજુ પણ દુકાન ધારા પ્રમાણે સાડા નવ કલાક

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)**

કામ લેવાનું ચાલુ રહ્યું. રવિવારે નોકરોને બોલાવી ૪-૫ કલાક કામ કરાવતા, ચોપડા નોકરોને ઘેર લઈ જઈ નામું લખવાનું કામ સોંપતા. મુંબઈમાં આપણા નોકરી કરતા ભાઈઓની સ્થિતિ ઘણી ખરાબ. કુંવારા પેઢી ઉપર સુવાનું રાખતા. પરણે પછી ઘર વસાવે. ટૂંકા પગાર એટલે રૂા. ૮-૧૦નાં ભાડાની જગ્યા ભાડે રાખે જેમાં પુરતો હવા ઉજાસ ન હોય, ભેજવાળું વાતાવરણ હોય. આખરી અંજામ મોંઘો જેમાં દવાદારૂ પાછળ મોટી રકમનો ખર્ચ કરવો પડે. ઘણા ભાઈઓ લગ્ન પછી ટૂંકા પગારને લીધે ઘર ન વસાવી શકતા અને તેથી તેઓ પેઢીઓમાં સુતા અને પત્ની, પરિવાર દેશમાં રહેતો. બેકારીનું પ્રમાણ વધારે. કેટલાક વીશી ચલાવનારી જ્ઞાતિની વિધવા બહેનોને પુરા પૈસા પણ ન ચુકવે અને નોકરીની શોધમાં ભટકતા રહેતા. નોકરી વગરનાં મસ્જીદ બંદર પૂલ ઉપર સમય વિતાવતા. 'પ્રકાશ' આવા નોકરી વગરનાં લોકોને નોકરીને બદલે ફેરી કે પરચૂરણ ધંધો શોધી લે તે માટે સતત લેખો લખતું.

**ઈ.સ. ૧૯૪૧-૪૨, સં. ૧૯૯૮ વરસ અઢારમું:**

'પ્રકાશ'નાં સંચાલકો દ્રઢપણે માનતા કે વ્યાપક પરિવર્તન માટે પ્રયાસ ન હોય તો બદલાવ નહિ થઈ શકે અને આ પરિવર્તન માત્ર યુવા જ લાવી શકશે, તેથી યુવાનોને જાગૃત કરવાનું અભિયાન ચલાવ્યું. મોટા ભાગના યુવાનો એ કાળે જ્ઞાતિના શ્રીમંતો પાસે નોકરી કરતા હતા અને કમનશીબે આ શ્રીમંતો જ જ્ઞાતિના અગ્રસરો બની બેઠેલા તેથી જ્ઞાતિ સુધારણાનું કામ મંદ ગતિએ ચાલ્યું. આર્થિક મજબુરીએ યુવાનોને લાચાર બનાવ્યા. છતાં યુવકોમાં સંપ-સંગઠન અને સેવા ભાવ જાગૃત કરવાનું કામ 'પ્રકાશે' મક્કમપણે ચાલુ રાખ્યું. યુવાનોને મહાજનની સભામાં જતા અને અવાજ ઉઠાવતા કર્યા. 'પ્રકાશે' નિર્માલ્ય પ્રજામાં જવાલા જગાડી ચેતનાની ચિનગારી મૂકી છે. નિરાશાવાદીઓમાં આશાના અમૃત સીંચ્યા છે.

સ્વાર્થ ખાતર મા-બાપો કન્યાનું વેચાણ કરતા અને દીકરીઓને નરકની ખાણમાં હડસેલી દેતા જરાયે પાછું વળીને જોતાં નથી. આ પ્રવાહને કન્યાઓએ જ બદલવો પડશે. મા-બાપ પાસે કન્યાઓએ પોતાના હકની માંગણી કરતા શીખવું પડશે એવી વાત પ્રકાશે યુવા કન્યા સમક્ષ મૂકી. તા. ૩૧.૧૦.૧૯૪૧ના અમદાવાદનાં રાજનગર આર્ય સમાજમાં આપણી જ્ઞાતિની એક વિધવા બહેને ગુજરાતી યુવક સાથે પુનર્લગ્ન કર્યા. બહેને જણાવ્યું કે આર્ય સમાજ અબળાઓની વહારે થાય તો સો-દોઢ સો કચ્છી જૈન વિધવાઓ પુનર્લગ્ન કરવા ઈચ્છે છે. સમાજમાં જાગૃતિનો સંચાર થયો તેમાં 'પ્રકાશ'નું અમુલ્ય યોગદાન રહેલું છે. સમાજને સ્વચ્છ રાખવો હોય તો વિધવા વિવાહ આવકારવા જોઈએ. વિધવા વિવાહ જો ખરેખર પાપ હોય તો પુરુષને પણ તે લાગુ પડવું જોઈએ. વરસો પહેલાનાં સંજોગો અને હાલના સંજોગમાં ઘણો ફરક છે. એ વખતે બંધ કરાયેલી પ્રથા અંગે ફરી વિચારવું જોઈએ અને લગ્ન કરવા ઇચ્છતી વિધવાઓને છૂટ આપવી જોઈએ. તેમજ વિધવાઓને પુનર્લગ્નની ના કહેનાર સમાજે વિધવાઓ સ્વમાનભેર જીવી શકે એવો વ્યવસાય આપવો જોઈએ જેથી વૈધવ્ય જીવન જીવવા માગતી વિધવાઓ પોતાનો વૈધવ્ય ધર્મ સારી રીતે નિભાવી શકે એવા વિચારો સમાજ સમક્ષ 'પ્રકાશે' મુક્યા.

'શ્રીમંતોનું કર્તવ્ય' લેખમાં આપણી જ્ઞાતિની સામાજિક અને આર્થિક સ્થિતિમાં દિવસે દિવસે સુધારો થવાને બદલે સડો પેસતો જાય છે. ભૂતકાળની આપણી જાહોજલાલી બહુ ઝડપથી ખલાસ થઇ ગઈ, વેપાર ધંધા તૂટી ગયા, ઘણાં જ્ઞાતિજનો બેકાર થયા. આવી પરિસ્થિતિમાંથી જ્ઞાતિને બહાર લાવવા જ્ઞાતિના શ્રીમંતોએ વહારે આવવું જોઈએ. જ્ઞાતિ બંધુઓને આજના જમાનાને અનુરૂપ હુન્નર ઉદ્યોગોનું શિક્ષણ આપવું જોઈએ. કારકુન બનાવતા શિક્ષણને બદલે હુન્નર ઉદ્યોગોનું શિક્ષણ આપવું જોઈએ જેથી જ્ઞાતિ બંધુ સ્વાયત બની શકે એવી જ્ઞાતિ ઉત્થાનની લેખકે રજૂઆત કરી છે.

સસ્તા ભાડાના મકાનો માટે 'પ્રકાશ' સતત લેખો પ્રકાશિત કરી સમાજની નબળા વર્ગની એક સળગતી સમસ્યા તરફ જ્ઞાતિ આગેવાનોનું ધ્યાન દોરતું રહ્યું. ,

કોઈ આર્થિક લાભ માટે ચલાવતા ન હોવા છતાં 'પ્રકાશ' સામે પ્રચંડ આંધી અને તોફાનો આવતા રહ્યા. પરંતુ જ્ઞાતિજનોના પ્રેમ અને સહયોગથી ટકી રહ્યું.

**ઈ.સ. ૧૯૪૨-૪૩, સં. ૧૯૯૯, વરસ ઓગણીસમું:**

પ્રકાશ' નોંધે છે કે અંધકારને માનવીએ કદી આદરમાન દીધા નથી. યુગે યુગે એક જ નાદ ગુંજ્યો છે, અંધારામાંથી પ્રકાશ તરફ... નાના પ્રકાશથી મોટા પ્રકાશ તરફ, મોટા પ્રકાશથી અનંત પ્રકાશ તરફ માનવી સતત પ્રગતિની ઝંખના કરતો રહ્યો છે. આપણા 'પ્રકાશ' માસિકનો પણ એજ જીવન ધ્યેય છે.. સમસ્ત વિશ્વમાં ભલે એનું અસ્તિત્વ એક કોડિયા સમાન હોય પણ જે આપણા સમાજ માટે સર્વસ્વ છે. જ્ઞાતિની વિષમ પરિસ્થિતિમાં જ્ઞાતિનો પુનરોધ્ધાર કરવા

'પ્રકાશ' કટિબધ્ધ બન્યું છે. જ્ઞાતિના ભૂતકાળના ઈતિહાસ પર દૃષ્ટિપાત કરતાં સ્પષ્ટ જણાઈ આવે છે કે જ્ઞાતિની ભૂતકાળની આબાદીમાં શ્રીમંત વર્ગે અગ્રભાગ ભજવ્યો હતો. વડીલોના જીવનનું અનુકરણ કરી જ્ઞાતિનો પુનરોધ્ધાર કરવા કમર કસવી જોઈએ. નવા યુગમાં દેશની અન્ય કોમોની હરોળમાં ઉભું રહેવું હોય તો દરેક જ્ઞાતિજને તત્પર રહેવું જોઈએ. નબળી આર્થિક સ્થિતિને કારણે મા-બાપો પોતાના સંતાનોને માધ્યમિક કેળવણીથી વિમુખ રાખે છે તે બરાબર નથી. પર્યાપ્ત શિક્ષણ આજની મૂળ જરૂરિયાત છે. અન્ય કારણ સંગઠનનો અભાવ છે. જ્ઞાતિનું ગૌરવ યુવકો પર નિર્ભર છે. જ્ઞાતિના યુવા કાળની હાકલને ક્યારે ઝીલશે?

'પ્રકાશે' સામાજિક વિષયોને પ્રાધાન્ય આપ્યું સાથે સાહિત્ય, વિજ્ઞાન, ધર્મ, રાજકારણ અને રાષ્ટ્રના વિષયોને પણ સ્થાન આપવાનું ભુલ્યું નહિ. જ્ઞાતિના સામાજિક પ્રશ્નો સાથે શિક્ષણ, આર્થિક અને આરોગ્યને લગતા પ્રશ્નો સંકળાયેલા હોઈ તેના નિવારણને પ્રાધાન્ય આપ્યું. 'પ્રકાશે' સામાજિક કાર્યો પરત્વે જ્ઞાતિજનોની નિષ્ક્રિયતા, તેનાં કારણો અને નિવારણના ઉપાયો પર લેખન હરીફાઈ યોજી જ્ઞાતિના પ્રશ્નો સમાજ અને આગેવાનો સમક્ષ લાવવાનો સતત પ્રયાસ કરતું અને જ્ઞાતિજનો પોતાના વિચારો રજુ કરે તે માટે વિજેતાઓને ઇનામ પણ આપતું.

'નિષ્ક્રિયતાની ભીતરમાં' લેખમાં 'પ્રકાશે' જ્ઞાતિ ઉત્થાન કઈ રીતે શક્ય છે તે જણાવતા લખે છે કે જ્ઞાતિ નિર્માલ્ય અને નિસ્તેજ બનતી જાય છે. પરસ્પર કલેશ અને ઈર્ષ્યાનું વાતાવરણ, અરાજકતા અને અવ્યવસ્થા સામે બળવો જગાવવા ઉત્સાહી જ્ઞાતિજનો માટે સમાજનાં કાર્યોમાં ભાગ લેવું મુશ્કેલ. સમાજના અગ્રસરો આવા ઉત્સાહી જ્ઞાતિજનોને પાખંડી, અણસમજુ તરીકે ખપાવી દબાવવાનો પ્રયાસ કરે છે. આગેવાનોની સંમતિ વગર કોઈ પણ કાર્ય થાય તો તેને મહાન ગુનો ગણવામાં આવે છે. આગેવાનો ગમે તે ભોગે પોતાનો કક્કો સાચો કરે છે. આવા વલણથી જ્ઞાતિજનોની હિંમત પર જબ્બર ફટકો પડ્યો છે. જ્ઞાતિજનો આખરે 'પાંજો કુરો'ની વાત અપનાવી લે છે. આજની પરિસ્થિતિ અતિ વિષમ છે. જ્ઞાતિજનોની શિથીલતા દૂર કરી તેમને સક્રિય ભાગ લેતા બનાવવા પ્રયત્નો આદરવા જરુરી છે. આગેવાનોના અનુભવ, તેમની વિચાર શક્તિ, ડહાપણ અને દીર્ઘદ્રષ્ટિ સાથે ઉત્સાહી જ્ઞાતિજનોની શક્તિઓનો સુમેળ સાધી શકાય તો સંગઠનથી ઉભું થયેલું બળ જ્ઞાતિ ઉત્થાન તરફ લઇ જશે.

'પ્રકાશ' જણાવે છે કે એક સમયની જ્ઞાતિની સમૃદ્ધિનું શુષ્ક સ્મરણ કરવાથી કોઈ અર્થ નથી. વર્તમાન પરિસ્થિતિ શું છે તે જોઈ વિચારી અને સાનુકુળ નીતિથી ભાવિ માટે પગલા ભરવા એજ ખરો પુરુષાર્થ છે અને તેમાં જ જ્ઞાતિ ઉત્થાન છે.

'પ્રકાશ' તેના દરેક અંકોમાં વિધવાના પ્રશ્નો તરફ અંગુલીનિર્દેશ કરવાનું ચુક્યું નથી. આ સંદર્ભે 'પ્રકાશ' નોંધે છે કે કેટલીય સુકુમાર યુવતીનાં પતિના મૃત્યુથી સુખદ સ્વપનાઓ રોળાઈ જાય છે જયારે પુરુષ મૃત્યુના કાંઠે ઉભો ઉભો પણ કોઈ કુમળી બાળાના બલિદાન વડે પોતાનું જીવન સુખમય બનાવવાના સ્વપના સેવતો હોય છે. એક બેનના અવસાનને બીજે દિવસે એ સ્થાને પોતાની પુત્રીને બેસાડવા પિતાઓ સમાજમાં દોડાદોડી કરી રહ્યા છે. કેટલી સડેલી વાસ્તવિકતા!!!. .

કાગળના ભાવ ૨-૩-૬ આને રતલ હતા તે એટલા રૂપિયે પણ ન મળતો એવી મોંઘવારી. તેવા સમયે 'પ્રકાશે' લવાજમ વધારી ગ્રાહકો પર બોજો ન વધારતા પાના થોડા ઓછા કરેલ.

'પ્રકાશ'માં 'નિર્માલ્ય મહાજન' નામે જુન ૧૯૪૩ અંકમાં તંત્રી લેખ છપાયો જેમાં વૃધ્ધ લગ્નો સામે મહાજન અસહાય બન્યું છે એવું છપાતા મુંબઈ મહાજને 'પ્રકાશ'ને જન્મ-મરણ, સગપણ, લગ્ન નોંધ આપવાનું બંધ કરેલ.

૧૯૪૨માં સાહિત્ય અને સંસ્કારની દ્રષ્ટિએ 'યુગદર્શન' નામનું જ્ઞાતિ માસિક શરૂ થયું પણ દોઢ વરસમાં બંધ થયું.

**ઈ.સ. ૧૯૪૩-૪૪, સં. ૨૦૦૦, વરસ વીસમું :**

સ્ત્રીઓમાં પ્રસુતિ વખતે મરણ પ્રમાણ ખૂબ જ વધારે હતું તેને કારણે જ્ઞાતિમાં શ્રીમંતો ચાર-પાંચ વખત પરણતા. શ્રીમંતો કચ્છમાં આ કામ સ્થાનિક પટેલો દ્વારા કરાવતા. અંગત સ્વાર્થ માટે પટેલો કઠોર રિવાજોનું શાસન લાદતા તેમજ કન્યાવિક્રયમાં અગ્ર ભાગ ભજવતા અને કમીશન ખાતા. પટેલ સામે માથું ઊંચકે તો તેમને કોઈને કોઈ કેસમાં સંડોવી દેવામાં આવતા. જ્ઞાતિમાં કન્યાઓની અછત રહેતી. બીજી બાજુ વિધવાને પરણવાની મનાઈ. તેને લીધે અનેક યુવાનો પરણ્યા વગરનાં રહી જતા. આ દુષણને કારણે કન્યા વિક્રયને પ્રોત્સાહન મળ્યું, વિક્રયની રકમ વધી તેમજ આડોડીયા લગ્નો, જેમાં એક કુટુંબનાં યુવક તથા યુવતી બીજા કુટુંબના યુવતી અને યુવક જોડે પરણવાનું પ્રમાણ વધ્યું. 'પ્રકાશે' આ સામે પ્રચંડ ઝુંબેશ ચલાવી. યુવાનો જાગૃત બન્યા. વૃદ્ધ/મોટી ઉંમરનાં પુરુષોના ફરી થતા લગ્નો અટકાવવા મેદાનમાં પડ્યા. 'પ્રકાશ' નોંધે છે કે આટલા વરસોના કુરિવાજો અને અંધશ્રદ્ધા પર પ્રહારો કરવા છતાં માણસો અંદરથી કુરિવાજો નષ્ટ કરવાની ધગશ ધરાવતા

હોવા છતાં જયારે કસોટીનો પ્રસંગ આવે ત્યારે ઉચ્ચ આદર્શોને અભેરાઈ પર ચડાવી કુરિવાજોના ભોગ બની રહ્યા છે. આવું હતું એ વખતનું આપણું પ્રજા જીવન.

'પ્રકાશ'નું ધ્યેય માર્ગમાં ભલે મુશ્કેલીઓના કાંટા વિછાવેલા હોય, પીઠ પાછળ ભલે કોઈ ન હોય, મુરબ્બીઓનો ભલે વિરોધ હોય, છતાં અંતરાત્માને માર્ગે ચાલવું. વિધવા મુદ્દે 'પ્રકાશ' ધારદાર કલમ ચલાવતા લખે છે કે જે સમાજમાં પુરુષો ચાહે તેટલી વાર પરણી શકે તે સમાજને સ્ત્રીઓને વૈધવ્ય પાળવાનો ઉપદેશ કરવાનો શો અધિકાર? છાની રીતે થતો વ્યભિચાર વિધવા સેવે તો પરવડે પણ વિધવા પુનર્લગ્ન કરે તો હરગીજ નહિ. આ તે કેવો સમાજ?

૧૪ એપ્રિલ, ૧૯૪૪માં બંદર ઉપર થયેલ ધડાકામાં જ્ઞાતિને ખુબ સહન કરવું પડ્યું. અનેક પરિવારો બેઘર બન્યા જેમાંથી થોડા પરિવારોને મુંબઈ મ્યુનિસીપાલીટી તરફથી આર્થર રોડ, ચિંચપોકલી અને આઝાદ નગર વડાલામાં બંધાયેલ ચાલીઓમાં રહેવાની જગ્યા મળી. ધડાકામાં પ્રકાશને પણ ખૂબ સહન કરવાનું આવ્યું. જે છાપખાનામાં તેનું કામ ચાલતું હતું તેને ખૂબ મોટું નુકસાન થયું અને પ્રકાશની ફાઈલો કેટલાક લેખો ઐતિહાસિક દસ્તાવેજો કાગળિયા વગેરેનો નાશ થયો. વળી કાગળની અછતને કારણે સરકારી પરવાનો ન હોવાથી સરકાર તરફથી હુકમ થતા પ્રકાશને પાના ઘટાડવા પડ્યા.

### ઈ.સ. ૧૯૪૪-૪૫, સં. ૨૦૦૧ વરસ એકવીસમું.

પ્રકાશ નોંધે છે કે જ્ઞાતિમાં અરાજકતા અને અવ્યવસ્થાનું વાતાવરણ છે, સુકાન વગરનાં જહાજ જેવી સ્થિતિ પ્રવર્તે છે. નિર્માલ્ય મહાજન વધુ નિર્માલ્ય બનતું જાય છે. મુંબઈ, કચ્છ, હાલાર, દેશાવરના મહાજનો ઉપર હકુમત ધરાવતી મધ્યસ્થ મહાજનની માંગણી વારંવાર ઉઠતી રહી. એક મહાજનની અન્ય સ્થળના મહાજન ઉપર કોઈ સત્તા ન હોવાથી એક મહાજનનો વિરોધ છતાં અન્ય મહાજનો તેની અવગણના કરતા. સને ૧૯૨૫ આસપાસ બાવન ગામના મહાજનો વચ્ચે ઉપરી મહાજનની જે વ્યવસ્થા હતી તે તૂટી પડી અને તેની જગ્યાએ નવી વ્યવસ્થા લાવી ન શકાઈ. શ્રી સમસ્ત (મધ્યસ્થ) મહાજનના જુદા જુદા વડાઓ વચ્ચે નિશ્ચિત સબંધો ન રહ્યા. કોઈ મોવડી વ્યવસ્થા ન રહી.

આ વરસે એક અંકમાં નાની દીકરીના મૃત્યુને બદલે એક જીવંત વ્યક્તિનું નામ ભૂલથી મરણ તરીકે છપાઈ જતા 'પ્રકાશ'નાં તંત્રી પર હુમલો થવાનો બનાવ બન્યો. મારી નાખવાની ધમકી પણ અપાઈ.

જ્ઞાતિની સ્થિતિનો સાચો નિચોડ 'પ્રકાશે' જાન્યુ. ૧૯૪૫ના અંકમાં 'રોમ ભડકે બળે છે –નીરો વાંસળી વગાડી રહ્યો છે' તંત્રી લેખમાં રજુ કરતા નોંધ્યું કે એક બાજુ જ્ઞાતિમાં કન્યાવિક્રય તો હતું હવે પરણેતર વિક્રય શરુ થયું, કોઈ પતિરાજો પત્નીઓ ત્યાગી રહ્યા છે, કોઈ વૃધ્ધો ૩-૪ વાર ઘોડે ચડી રહ્યા છે, મા-બાપ પૈસા ખાતર દીકરીઓને વૃધ્ધો સાથે પરણાવવા દોડા દોડી કરી રહ્યા છે, કોઈ બાળ વિધવાઓ વૈધવ્યની આગમાં બળી રહી છે, કોઈ બેકારીની જ્વાલાથી જલી રહ્યા છે, કોઈ મોંઘવારીના દૈત્યથી ત્રાહિ ત્રાહિ પોકારી રહ્યા છે, જયારે બીજી બાજુ ધાર્મિક પૂજા-અનુષ્ઠાનોમાં લાખો ખર્ચી રહ્યા છે, મંડળો વાર્ષિકોત્સવનાં જલસા કરી રહ્યા છે. ધણી ધોરી વગરનો સમાજ છે. આગેવાનો અન્યાય સામે આંખ મીચામણા કરી રહ્યા છે. આપણા યુવકો સુતા છે. ક્યારે જાગશે?

૧૯૪૫ જૂનમાં શિક્ષણની દિશામાં 'પ્રકાશ'ના કાર્યકર્તાઓએ જ્ઞાતિજનોનાં હુન્નર ઉદ્યોગ વિકાસ અર્થે તેમ જ ઉચ્ચ શિક્ષણ મેળવી રહેલા વિદ્યાર્થીઓને લોન દ્વારા ઉત્તેજન આપવા માટે એક શિક્ષણ સમિતિની સ્થાપના કરી.

'પ્રકાશ'ની ટીકાઓ અને વિચારનીતિએ અનેક જ્ઞાતિ કાર્યોને જાગતા રાખ્યા અને તેની આ મંઝીલમાં જ્ઞાતિજનોએ સારો સાથ આપ્યો.

### ઈ.સ. ૧૯૪૫-૪૬, સં. ૨૦૦૨, વરસ બાવીસમું

વૃધ્ધ લગ્નો ચાલુ જ હતા, કન્યા વિક્રય સામે પ્રતિબંધ હોવા છતાં કન્યા વિક્રય પૂર જોશમાં ચાલુ, અસહ્ય મોંઘવારી, બેકારી અને બેકાર યુવાનો મટકા/જુગારને રવાડે ચડી ગયેલ. જગતમાં સારું પરિવર્તન પણ આપણી જ સ્થિત કંગાળ જોવા મળી. સ્વૈચ્છિક વિધવા વિવાહને ખાસ કરીને યુવા વિધવાના પુનઃ લગ્નને માન્ય રાખવાની માંગ ઉઠી. વિધવા સાથે પરણવાની જાહેરાતો આવતી થઇ. સમાજનો સળગતા પ્રશ્ન 'કુમળી વયની પરણેતરોમાં થતા આપઘાતના કારણો અને તેનું નિવારણ' પ્રશ્ને પ્રકાશે નિબંધ સ્પર્ધા યોજી સત્ય ચિત્ર સમાજ સામે ખડું કર્યું. 'પ્રકાશ' કુરુઢીઓ, યુવા જાગૃતિ, સ્ત્રી કેળવણી, સંસ્થાઓના ગેરવહીવટ ઉપર સતત મારો ચલાવતું રહ્યું છતાં ધાર્યું પરિણામ જોવા નહિ મળ્યું.

'પ્રકાશે' ચર્ચા પત્રો દ્વારા સમાજના પ્રશ્નો તરફ ધ્યાન ખેંચવાનો પ્રયાસ કર્યો છે. ચર્ચા પત્રો ઘણી વખત ઉપયોગી અને માર્ગદર્શક ચર્ચાઓ અને સૂચનો ધરાવતા હોય છે.

સં. ૨૦૦૨ (સને ૧૯૪૬)માં 'પ્રકાશ સમિતિ'નાં પ્રયાસથી જ્ઞાતિનું ત્રીજું વસ્તી પત્રક પ્રગટ થયું.

**ઈ.સ. ૧૯૪૬-૪૭, સં. ૨૦૦૩, વરસ ત્રેવીસમું**

૧૯૪૬ના હુલ્લડથી લાગેલી આગને લીધે મહાજનવાડીને ખુબ નુકશાન થયું. પાઠશાળા આપણા ઉપાશ્રયમાં લઇ જવાઈ.

જગતની આગેકૂચ સાથે આપણી જ્ઞાતિ પણ કંઈક પ્રગતિમય બને એ આશયથી 'પ્રકાશ' સંમેલન બોલાવવાની માંગ પર સતત પ્રકાશ પાડતું રહ્યું. સતત ઉઠેલ માંગણી બાદ તા. ૧૩.૪.૧૯૪૭ની મુંબઈ મહાજનની સભામાં સંમેલન ભરવાનો ઠરાવ સર્વાનુમતે પાસ થયો.

શ્રી ક.દ.ઓ. જૈન સમાજનું પ્રાણવાન માસિક 'શિરોમણી'ની સ્થાપના તા. ૧૪.૮.૧૯૪૭ના થઇ. 'પ્રકાશ'નાં તંત્રી, યુવક મંડળના સક્રિય સભ્ય અને શ્રી રંગપુર ગ્રામ્ય સહાય સમિતિના પ્રમુખ શ્રી મુલજી જીવરાજ નાગડાએ ધંધાના વિકાસાર્થે લંડનમાં વસવાટ કર્યો. શ્રી ભવાનજી અરજણ ખીમજી લોકસભાના કચ્છનાં પ્રતિનિધિ તરીકે બિન હરીફ ચૂંટાયા.

'પ્રકાશ સમિતિ'ના સભાસદોની અંગત જવાબદારીઓ વધતા 'પ્રકાશ'નાં કાર્યોમાં ઓછો સમય આપી શકતા હતા. જ્ઞાતિજનોના આર્થિક સહયોગે પગારદાર માણસની સેવાનું શક્ય બન્યું પણ પ્રકાશના અન્ય કાર્યો માટે નવ યુવાનોનો પુરતો સહયોગ ન મળ્યો તેથી 'પ્રકાશ' સુંદર અને અધ્યતન રીતે વ્યવસ્થિતપણે ચાલી રહે તે 'પ્રકાશ સમિતિ' માટે મુશ્કેલ લાગતા જ્ઞાતિમાંથી કોઈ જવાબદાર વ્યક્તિઓ 'પ્રકાશ'નું સંચાલન હાથ લે તેની જરૂરિઆત જણાઈ. જે માટે 'પ્રકાશ સમિતિ'નાં થોડા સક્રિય સભ્યો અને થોડા નવા જ્ઞાતિ કાર્યકરોના સહયોગથી કાર્ય કરવાની નવી વ્યવસ્થા જુન ૧૯૪૭થી દાખલ કરાઈ અને તે મુજબ 'ક.દ.ઓ. પ્રગતિ સંઘ'ની રચના થઇ જેણે ઓગસ્ટ ૧૯૪૭થી 'પ્રકાશ'નું સંચાલન સ્વીકારી લીધું. પ્રકાશના આદ્ય પ્રણેતા શ્રી લક્ષ્મીચંદ લાપસિયા તો 'પ્રકાશ' સાથે જોડાયેલા જ રહ્યા.

આપણી જ્ઞાતિની પ્રગતિ અને ઉન્નતિ માટે યુવાનો વિચારશે કે? લેખમાં જણાવ્યું છે કે આજે આપણી કોમ પછાત પડી રહી છે કારણ આપણી પાસે કોઈ કોમી પ્લાન કે સંગીન નેતાગીરી નથી. જ્ઞાતિના અસંખ્ય ફંડો છે તેમાં પુષ્કળ પૈસો છે, ફંડોનો ઉદેશ્ય જ્ઞાતિની સામાજિક ઉન્નતિ માટે છે છતાં પ્રગતિના નામે મીંડું છે. દરરોજ બેકારોનું લિસ્ટ વધી રહ્યું છે, જ્ઞાતિમાં બિન તંદુરસ્ત બાળકો જન્મી રહ્યા છે, આપણી પાસે શાળાઓ કરતા મંદિરો વધુ છે. દેરાસર બંધાવવા કે જિર્ણોદ્ધારમાં પુષ્કળ પૈસો વપરાય છે. યુવાનો જ પરિવર્તન લાવી શકે તેમ છે. યુવાનોએ જાગૃત અને સક્રિય થવું જોઈએ.

શ્રીયુત રતનસી ખીંયસી ખોનાની સવા લાખની સખાવતથી સુથરી મધ્યે સાર્વજનિક દવાખાનું શરૂ થયું જેનું ઉદઘાટન કચ્છ રાજ્યના મહારાવ શ્રી વિજયરાજજીના હસ્તે તા. ૧૦.૧.૧૯૪૭નાં થયું.

'પ્રકાશ'માં સતત સંમેલન બોલાવવાની માંગણી ઉઠી રહી હતી. 'પ્રકાશ' પણ સંમેલનનું હિમાયતી રહ્યું અને અવારનવાર જ્ઞાતિને જાગૃત કરતુ રહ્યું. અનેક વર્ષોના પ્રયત્નો પછી અથાગ શ્રમ લઈને અનેક શંકા અને આશંકા વચ્ચે અને વિરોધના વંટોળ છતાંય અતિ ઉત્સાહ વચ્ચે શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિનું પ્રથમ સંમેલન મુંબઈ ખાતે તા. ૧૭-૧૮-૧૯ ઓકટોબરના રોજ શેઠ શ્રી ભવાનજી અરજણ ખીમજીના પ્રમુખ પદે ભરાયું જે સફળ રહ્યું.. 'પ્રકાશ'નાં અધિકારીઓએ સક્રિય ભાગ લીધો. કચ્છ, હાલાર, મુંબઈ અને દેશાવરના મળી ૪૮૫ પ્રતિનિધીઓએ ભાગ લીધો. સ્વાગત અધ્યક્ષ તરીકે શેઠ શ્રી હીરાચંદ હીરજી ખેતશી હતા તથા વિશેષ આમંત્રિત તરીકે મુંબઈ પ્રાંત કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી એસ. કે. પાટીલ ઉપસ્થિત હતા. જ્ઞાતિના વિકાસ અંગે, સહકારી ક્ષેત્રે વિકાસ કરવા અંગે, શૈક્ષણિક અને મેડીકલ અંગે કુલ ૨૮ ઠરાવો પસાર થયા. આ અગાઉ સને ૧૯૧૩ (સં. ૧૯૬૯)માં બાવન ગામનું સમસ્ત મહાજન કોઠારા મુકામે મળ્યું હતું.

સંમેલનમાં મધ્યસ્થ મહાજનનું બંધારણ માન્ય રખાયું. પહેલા કચ્છ અને હાલાર સિવાય મુંબઈ અને દેશાવરના ગામોનાં મહાજનો મુંબઈ મહાજન હેઠળ હતા. મધ્યસ્થ મહાજન થતાં કૂલ ૧૦ પ્રાંતીય મહાજનો થયા.

**ઈ.સ. ૧૯૪૭-૪૮, સં. ૨૦૦૪, વરસ ચોવીસમું**

પ્રકાશે' એક નવો વિભાગ 'મારું પાનું' નામે શરુ કર્યો. જેમાં હરકોઈ જ્ઞાતિજન પોતાને જે કાંઈ કહેવું હોય તે મર્યાદિત રીતે કહી શકે તેની શરૂઆત થઇ.

પ્રકાશ'નાં તંત્રી શ્રી દેવસી વીરજી ખોનાએ રાજીનામું આપતા એમની જગ્યાએ શ્રી લક્ષ્મીચંદ દેવસી લોડાયા નવા તંત્રી નિમાયા.

'પ્રકાશ'નો નવેમ્બર-ડીસેમ્બર ૧૯૪૭નો અંક સંમેલન અંક તરીકે બહાર પાડવામાં આવ્યો જેમાં આપણી જ્ઞાતિના પ્રથમ સંમેલનનો અહેવાલ, ઠરાવો, પ્રમુખશ્રીનું ભાષણ, ફોટાઓ વિગેરે વિગતો પ્રકાશિત કરાઈ. 'પ્રકાશ'નાં અધિકારીઓએ આ સંમેલન સફળ રીતે પર પાડવામાં અગત્યનો ભાગ ભજવ્યો.

**ઈ.સ. ૧૯૪૮-૪૯, સં. ૨૦૦૫, વરસ પચીસમું**

પ્રકાશનું મૂલ્યાંકન તેના પુસ્તકો કે વરસોથી નહિ આંકી શકાય પરંતુ તેનું આંકન તેણે સમાજ ઉત્કર્ષમાં આપેલ યોગદાનથી જ આંકી શકાય. જ્ઞાતિ સુધારા અને કેળવણી પ્રસારમાં તેનું અનેરું યોગદાન છે. સમાજમાં પ્રવર્તતા કુરિવાજો સામે ઉગ્ર ઝુંબેશ ચલાવી અનેક હિતધારીઓનો વિરોધ પણ વહોરી લીધો.

શ્રી ક.દ.ઓ. જૈન પ્રગતિ સંઘનાં મંત્રી શ્રી હીરાચંદ શિવજી મેપાણી અને પદમસી હીરજી છેડા હતા. પ્રકાશ'નું સંચાલન કરવા તંત્રીને પ્રગતિ સંઘ નિયુક્ત કરતું અને તેને દોરવા-સહકાર આપવા ૭ સદગ્રહસ્થોની સમિતિ રહેતી. પરંતુ નબળું આર્થિક પાસું 'પ્રગતિ સંઘ'ને 'પ્રકાશ' છોડવાનું કારણ બન્યું. સવા બે વરસ 'પ્રગતિ સંઘે' સંભાળ્યું અને ત્યાર બાદ ફરી 'પ્રકાશ સમિતિ'ને સુપ્રત કર્યું.

શ્રી દેવશીભાઈ મોમાયાનું 'રસબોધ' નામનું પુસ્તક સને ૧૯૪૯માં 'પ્રકાશે' ગ્રાહકોને ભેટ આપેલ. સમાજના અનિષ્ટો સામે ઉપહાસ માટે અવાર નવાર વ્યંગ ચિત્રો પ્રગટ કરતું. જ્ઞાતિના પ્રસિદ્ધ તેમજ સમર્થ લેખકોના લેખ તથા બહારના સુપ્રસિદ્ધ લેખકો સીતારામ શર્મા, સુશીલ મસ્ત ફકીર, રામુ ઠક્કર, જયભીખ્ખુનાં લેખો દ્વારા જ્ઞાતિમાં લેખન-વાંચનનો રસ વધે તેમજ જ્ઞાતિના લેખકોને પ્રોત્સાહન મળે તેવી પ્રવૃતિઓ 'પ્રકાશ' કરતું. નબળી આર્થિક સ્થિતિ છતાં 'પ્રકાશ' મહેનતાણું ચૂકવી બહારના લેખકોનાં લેખો પ્રકાશિત કરી ઉચ્ચ ગુણવત્તા આણવાનો સતત પ્રયાસ કરતુ રહ્યું.

**ઈ.સ. ૧૯૪૯-૫૦, સં. ૨૦૦૬, વરસ છવીસમુઃ**

આ સમયે મધ્યમ વર્ગ જેમાં મોટા ભાગે નોકરિયાતો હતા તેમની સ્થિતિ ખુબ શોચનીય અને વિચાર ઉત્પન્ન કરાવે તેવી હતી. આ મહત્વના વિષયની છણાવટ 'જ્ઞાતિના મધ્યમ વર્ગની આર્થિક સ્થિતિ' લેખમાં જોવા મળે છે. જ્ઞાતિનો મોટો વર્ગ જે જ્ઞાતિના શ્રીમંતો પાસે ઉઘરાણીવાળા, નામાવાળા, કારકૂન કે ગુમાસ્તા તરીકે નોકરી કરતો હતો એમની વાસ્તવિક સ્થિતિનો ચિતાર આપેલ છે. લડાઈ શરૂ થવાથી વધેલી મોંઘવારી, લડાઈ પત્યા પછી પણ ઘટી નહિ અને વધતી મોંઘવારીથી વેપારી (મૂડીદાર વર્ગ) કમાયો અને મજૂર વર્ગની આવક પણ વધી પરંતુ મધ્યમ (નોકરિયાત) વર્ગને સહન કરવું પડ્યું. ૫-૭ વરસ આવું જ ચાલતું રહેવાથી મધ્યમ વર્ગની બચત, દર દાગીના બધા ખલાસ થઇ ચુક્યા. આવી સ્થિતિમાં ઉપાય તરીકે શ્રીમંત વર્ગે અન્ય ઉદ્યોગ તરફ વળવું અને આપણા મધ્યમવર્ગી ભાઈઓ પ્રત્યે દ્રષ્ટી બદલવી તેમને સાચવી લેવા અને બીજી બાજુ મધ્યમ વર્ગે નાના હુન્નર ઉદ્યોગ કે વધુ આવક થાય તેવા માર્ગો વિચારવા અને સમયને અનુકુળ રહેણીકરણીમાં ફેરફાર કરવા તેમજ કુટુંબના અન્ય સભ્યો કાંઈક આવક કરતા થાય એવો પ્રયત્ન કરવો, જ્ઞાતિના ટ્રસ્ટોમાં રહેલા ફંડોનો ઉપયોગ મધ્યમવર્ગને નાના હુન્નર ઉદ્યોગ શરૂ કરવા માટે લોન તરીકે કરવો જેથી તેમને પર્યાપ્ત મૂડી મળી રહે. આવા સમયે મધ્યમ વર્ગને ટકાવી રાખવો ખુબ જરૂરી છે એવી વાત સમાજ સમક્ષ ભારપૂર્વક રજૂ કરવામાં આવી.

આ લેખમાં એ વાતનું ધ્યાન દોર્યું કે ઓકટોબર ૧૯૪૭માં ભરાયેલ પ્રથમ સંમેલનમાં મધ્યમ વર્ગની સ્થિતિ સુધારવા જ્ઞાતિના વેપારી વર્ગને, સંસ્થાઓને તેમજ ટ્રસ્ટ ફંડનાં સંચાલકોને તેમને ત્યાં કામ કરતા નોકરોને હક્ક રજા, આકસ્મિક રજા, માંદગીની ચડતા પગારે રજા, બચત ફંડ, વીમા યોજના, પ્રોવિડન્ટ ફંડ વિગેરે નિયમો નક્કી કરાયેલ, પરંતુ વાસ્તવમાં તેનો અમલ જોઈએ તેવો થયો નથી. મધ્યમ વર્ગની સ્થિતિને લગતા ઘણા લેખો અને તંત્રી લેખ પ્રકાશિત કરી જ્ઞાતિની સળગતી સમસ્યા પ્રત્યે સૌનું ધ્યાન દોરવાનો 'પ્રકાશે' પ્રયાસ કરેલ છે. વાલજી શેઠ કહેતા કે ૩-૪ જણા સીન્ડીકેટ કરી ૩-૪ મિલ ખરીદે તો આપણા ઘણા ભાઈઓને સારો રોજગાર મળશે. એ સમયે ઘણી મિલો ખોટ કરતી હતી અને સસ્તામાં મળતી હતી. પાછળથી આ મિલોએ ખુબ કમાણી કરી પણ આપણે લાભ ન લઇ શક્યા. ૧૯૪૪માં થયેલ ગોદી ધડાકાને લીધે જ્ઞાતિજનોને ઘણું સહન કરવું પડ્યું છે. ઘણા બેઘર થયા છે અને રહેઠાણની તંગી ઉભી થઇ છે. આ માટે ઘટતું કરવાનો અનુરોધ કરાયો.

અન્ય લેખ 'નાની વયની પરણેતર બેનોના આપઘાતના વધતા બનવો' દ્વારા સમાજની બીજી સમસ્યા તરફ ધ્યાન દોર્યું છે. અયોગ્ય લગ્ન, બાળ લગ્ન, વૃધ્ધ લગ્ન, પુરુષના પુનર્લગ્ન, વિધવાને ફરજીયાતપણે પાડવું પડતું વૈધવ્યને કારણે આવા બનાવો બનતા રહે છે. આ રિવાજોમાં પરિવર્તન લાવવું જરૂરી છે એવી વાત કહેવામાં આવી છે.

જ્ઞાતિને તેના ઇતિહાસથી અવગત કરાવવા 'પ્રકાશે' ઈતિહાસ-પરિચય-વિભાગ શરૂ કર્યો. અગાઉ પ્રકાશે ઈતિહાસ બાબતે જુના અલભ્ય પુસ્તકો, પ્રગટ અને અપ્રગટ લખાણો, દસ્તાવેજો, શીલાલેખોના ઉતારા, જુના ફોટોગ્રાફ, સંસ્થાઓના રિપોર્ટો, છાપાના કટિંગો આદિ ઘણું એકત્રિત કરેલ પણ ૧૯૪૪નાં ધડાકામાં બધું નષ્ટ થયું. 'પ્રકાશે' આ

દિશામાં ફરી શરૂઆત કરી.

**ઈ.સ. ૧૯૫૦-૫૧, સં. ૨૦૦૭ વરસ સતાવીસમું:**

પ્રકાશ'ની રજત જયંતી ઉજવવા માર્ચ ૧૯૫૦નો અંક રજત જયંતી અંક તરીકે બહાર પાડ્યો જેમાં ૨૫ વરસમાં તંત્રી પદ શોભાવનારા યુવકોની કૃતિઓ ૨૫ વરસમાં પ્રકાશે કરેલ કાર્યોની નોંધ, 'પ્રકાશ'ના કાર્યકરો/લેખકોના લેખો સમાવેશ કરાયો. 'પ્રકાશ' રજત જયંતી ઉત્સવ તા. ૧૮.૪.૧૯૫૦નાં સાંજે ૬.૩૦ વાગે કપોળ આગેવાન શ્રી ખુશાલદાસ કુરજી પારેખના પ્રમુખપણા હેઠળ ઉજવાયો હતો. પ્રકાશને પગભર બનાવવા તથા પ્રકાશન નિયમિત થાય તે માટે પોતાનું છાપખાનું ઉભું કરવાની યોજના 'પ્રકાશ સમિતિ'એ ૧૯૫૦માં રૂા.૧૫૧નાં ૨૦૦ થી ૨૫૦ આજીવન મેમ્બર થયેથી શરૂ કરવાની યોજના બનાવેલ.

નાની ન્યાતને ભેળવવાના ઘણા પ્રયાસો થયા. પ્રકાશમાં અનેક ચર્ચા પત્રો, લેખો છપાયા. પરંતુ રુઢીચુસ્ત લોકોને કારણે મહાજનમાં દરખાસ્ત પસાર કરવામાં સફળતા ન મળી. આ વરસે જ્ઞાતિના બે ભાઈઓએ જ્ઞાતિની કુરુઢીઓને ત્યાગી નાની ન્યાતમાં સગપણો કર્યા. શ્રી શામજી પદમશી પીરનું કુ. લક્ષ્મી શામજી નરસી દંડ વેરે અને શ્રી ખીમજી પદમસી પીર જેઓ પ્રકાશના તંત્રી, મહાજનના મંત્રી, ડો. પુનશી હીરજી મૈશેરી હેલ્પીંગ સોસાયટીનાં સ્થાપકે કુ. શાંતા માણેકજી વેલજી સાથે વેવિશાળ કર્યું. ચર્ચા પત્રો અને અન્ય લેખો દ્વારા ઘણા લોકોએ આ પગલાને આવકાર્યું.

૧૯૪૬માં કોમી હુલ્લડ દરમ્યાન મહાજનવાડીનો કેટલોક ભાગ બળી જતા પાઠશાળા મુંબઈ દેરાસરના ઉપાશ્રયમાં ખસેડવામાં આવેલ. ત્યાર બાદ ભારત-પાકિસ્તાનના ભાગલા વખતે સિંધ-કરાંચીથી આવેલા આપણા નિરાશ્રિત પરિવારોને થોડા સમય માટે રહેવા આપી પણ તેઓએ સમયસર ખાલી નહિ કરી. પૂરી મહાજનવાડીનો કબજો લઇ બેઠા. મુંબઈ વસતા ઘરબાર વિહોણાં ૧૦-૧૨ લોકો જેઓ મહાજનવાડીમાં રહેતા હતા તેમની સગવડ છીનવાઈ ગઈ. દેરાસરમાં ચાલી રહેલ પાઠશાળામાં વિદ્યાર્થીઓને શાળા જેવું શિક્ષણ ન મળે તે સ્વભાવિક હતું. સમાજમાંથી મહાજનવાડી ખાલી કરાવવાનો ઉગ્ર વિરોધ ઉઠ્યો. 'પ્રકાશે' આ સળગતા પ્રશ્ને અનેક લેખો છાપી જ્ઞાતિનું ધ્યાન દોરવા અગ્ર ભાગ ભજવ્યો.

એ સમયે પોરબંદરમાં આપણી જ્ઞાતિની ૩૫ જેટલી દીકરીઓ આર્ય સમાજ કન્યાશ્રમમાં અભ્યાસ કરતી હતી. કન્યાના મા-બાપોને દર મહીને રૂા. ૩૫ આપવા પડતા. આ રકમમાં થોડી રકમ ઉમેરી આપણું સ્વતંત્ર બાલીકાશ્રમ બને તો જૈન ધર્મના સંસ્કાર પણ જળવાઈ રહે. આ બાબતે ઘટતું કરવા મધ્યસ્થ મહાજન-શિક્ષણ પ્રસારક ટ્રસ્ટ અને અન્ય શિક્ષણ પ્રેમીઓને વિચાર કરવાનું સૂચવતો લેખ પ્રગટ થયેલ. 'પ્રકાશ'માં 'ઉઘડતે પાને' વિભાગમાં શિક્ષણની પ્રગતિ માટે એક શક્તિશાળી ભાઈને રોકવા તથા શિક્ષણ અંગેના કાર્યો માટે ટ્રસ્ટોમાં પડેલા ૩૦ લાખના ભંડોળનો ઉપયોગ કરવાનો વિચાર રજૂ થયેલ.' પ્રકાશે' તંત્રી લેખમાં મુંબઈ મહાજન સંસ્થાના કથળી રહેલ વહીવટ અંગે અંગુલી નિર્દેશ કર્યો.

જેમના લાભ માટે જ્ઞાતિના સાર્વજનિક ખાતાઓ ચાલે છે તેઓ પૂરો લાભ લઇ શકે તેથી સાર્વજનિક ખાતાઓના કામકાજથી જ્ઞાતિજનોને અવગત કરાવવાનો 'પ્રકાશ' સદાય પ્રયાસ કરતુ રહ્યું. આવા ખાતાઓના વિસ્તાર્પૂર્ણ હિસાબો, વિગતો, ભેટો, પ્રવૃતિના અહેવાલો જુજ ખર્ચે સમાજ સમક્ષ પ્રકાશ પ્રગટ કરતુ રહ્યું. 'પ્રકાશે' જ્ઞાતિના સર્વે ખાતાઓના ટ્રસ્ટી, મંત્રી, કે વહીવટ કર્તાઓને ખાતાઓની કામગીરી, હિસાબ, ભેટની યાદી પ્રકાશમાં પ્રગટ કરવા વિનંતી કરેલ. તેમજ પ્રકાશના પ્રતિનિધીઓને આપણી જ્ઞાતિને લગતા એમના વિસ્તારનાં સમાચારો, મેળાવડા, સભાઓ, ઓચ્છવોની વિગતો મોકલવાની અપીલ કરી.

પ્રકાશને પાક્ષિક તરીકે ચલાવવાનો પ્રયોગ નવેમ્બર ૧૯૫૦થી કરાયો પરંતુ વધતી જતી કાગળની મોંઘવારી, છાપકામના ભાવોમાં આવેલ ઉછાળાથી પ્રકાશના પાના ઓછા કરવાની ફરજ પડી. આ નાના કદના પાક્ષિકને ચલાવવાને બદલે માસિક સ્વરૂપે પ્રગટ કરવું અને વિશેષ વાંચન આપવું એવું સૂચન જ્ઞાતિ ભાઈઓનું થતાં પ્રકાશને ૧૫ એપ્રિલ ૧૯૫૧થી ફરી માસિક બનાવાયું.

❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖

• પારસી ભરત અને બટકસબની સાડીઓ તૈયાર તેમજ ઓર્ડરથી • સાચી જરીની સાડીઓ બોર્ડર • જુના સાચા ઘરચોળા • કસબના ચણીયા-ચોલી બજારથી વધારે ભાવથી વેંચવા મહાવીર-માટુંગા લઈ આવો, તરત જ ફાઈનલ.

**શ્રી મહાવીર એમ્બ્રોયડરી**

રાજ નિકેતન બિલ્ડીંગ HDFC ની બાજુમાં, ફુલ ગલ્લીની સામે,
માટુંગા સે.રે. ૮૬૫૨૨ ૩૯૫૩૭ / ૯૮૩૩૯ ૧૬૫૧૦ સોમવારે બંધ

